| Publication: NavGujarat Samay | Edition: Ahmedabad |
| --- | --- |
| Date: September 22, 2016 | Page: 10 |


## બિઝનેસ ન્યૂઝ

# HPL ઈલેક્ટ્રિકનો IPO આજથી મૂડીબજારમાં

**નવી દિલ્હીઃ** એચપીએલ ઈલેક્ટ્રિક એન્ડ પાવરનો આઈપીઓ ગુરુવારથી મૂડીબજારમાં આવશે. કંપની આઈપીઓ દ્વારા ₹૩૬૧ કરોડ એકત્ર કરવાની યોજના ધરાવે છે. એચપીએલ ઈલેક્ટ્રિકનો આઈપીઓમાં ₹૧૭૫-૨૦૨ની પ્રાઈસ બેન્ડ છે અને ઈશ્યૂ ૨૬ સપ્ટેમ્બરના બંધ થશે. કંપની આઈપીઓ દ્વારા એકત્રીત ભંડોળનો ઉપયોગ લોનની ચૂકવણી, સંચાલન મૂડી જરૂરિયાત અને અન્ય કોર્પોરેટ હેતુ માટે કરશે. એચપીએલ ઈલેક્ટ્રિકે ફેબ્રુઆરીમાં આઈપીઓ લાવવા માટે સેબી સમક્ષ ડીઆરએચપી ફાઈલ કર્યું હતું અને મેમાં મંજૂરી મળી હતી.